# CLUB ENERJI'S AHMEDABAD RALLY IN THE NEWS!

## Gujarat Today, Ahmedabad

### શૈક્ષણિક સમાચાર

**સ્કૂમ સ્કૂલનાં બાળકોએ કાઢી ઉર્જાબચત જાગૃતિ રેલી**

શહેરની સ્કૂમ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલનાં ધો.૭ અને ધો.૮નાં ૧૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ઉર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા રેલી કાઢી હતી. સ્કૂમ સ્કૂલેથી સવારે ૧૧:૦૦ કલાકે નીકળી આ રેલીમાં વિદ્યાર્થીઓએ સેવ એનર્જી, સેવ ફ્યુઅલ, ઉર્જા બચાવો, જીવન બચાવો જેવા સ્લોગનો પણ ઉચ્ચાર્યા હતાં. ઉર્જા બચાવો ઝુંબેશનાં સંદર્ભમાં સ્કૂમ સ્કૂલનાં નાના વિદ્યાર્થીઓએ ઉર્જા સંરક્ષણનો સંદેશો ફેલાવવામાં અસરકારક ભૂમિકા ભજવી હતી. આ રેલીમાં સ્કૂલના ધો.૩ અને ધો.૪ના કેટલાક વિદ્યાર્થીઓ પણ જોડાયા હતાં. સ્કૂમ સ્કૂલનાં પ્રિન્સીપાલ નીતા શર્માએ આ રેલીને સફળ બનાવવા બદલ વિદ્યાર્થીઓ સહિત ટાટા પાવર લિ. અને પ્રતિનિધિ નીપા શેઠનો આભાર માન્યો હતો.

## Gujarat Vaibhav, Ahmedabad

### ऊर्जा संरक्षण के संबंध में जागृति के लिए रैली आयोजित

**अहमदाबाद।** शहर के प्रसिद्ध स्कूम इंग्लिश मीडियम स्कूल के कक्षा 7 एवं 8 के 150 से भी अधिक विद्यार्थियों ने ऊर्जा संरक्षण के संबंध में जागृति लाने के लिए रैली निकाली।

इस रैली में विद्यार्थियों ने सेव एनर्जी, सेव फ्युअल एवं ऊर्जा बचाओ, जीवन बचाओ जैसे नारे भी लगाए। ऊर्जा बचाओ अभियान के संदर्भ में स्कूम स्कूल के छोटे विद्यार्थियों ने ऊर्जा संरक्षण का संदेश फैलाने में महत्त्वपूर्ण भूमिका निभाई। इस रैली में स्कूल के कक्षा 3 एवं 4 के भी कई विद्यार्थी शामिल हुए।

स्कूम स्कूल की प्रिंसिपल श्रीमती नीता शर्मा ने रैली को सफल बनाने के लिए विद्यार्थियों का आभार व्यक्त किया। उन्होंने टाटा पावर लि. एवं प्रतिनिधि सुश्री नीपा सेठ का भी आभार व्यक्त किया।

**Divya Bhaskar, Ahmedabad**

23 December 2011

# બાળકોએ કાઢી સેવ એનર્જી અવેરનેસ રેલી

**અમદાવાદ :** સ્કૂમ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધો. ૭ અને ૮ના ૧૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ઊર્જા બચત સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા રેલી કાઢી હતી. સ્કૂમ સ્કૂલેથી સવારે ૧૧ કલાકે નીકળેલી આ રેલીમાં વિદ્યાર્થીઓએ સેવ એનર્જી, સેવ ફ્યુઅલ, ઊર્જા બચાવો જેવા સ્લોગનો પણ ઉચ્ચાર્યા હતા. આ રેલીમાં સ્કૂલના નાના વિદ્યાર્થીઓએ ઊર્જા સંરક્ષણનો સંદેશો ફેલાવવામાં અસરકારક ભૂમિકા ભજવી હતી. આ રેલીમાં સ્કૂલના ધો. ૩ અને ૪ના કેટલાક વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. સ્કૂમ સ્કૂલનાં પ્રિન્સિપાલ નીતા શર્માએ આ રેલીને સફળ બનાવવા બદલ વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો. રેલી દ્વારા વિદ્યાર્થીઓએ ઊર્જા બચત અંગેની વાતને સમજી હતી.



**Suryakal, Ahmedabad**

21 December 2011

બુધવાર તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૧૧

# સ્કૂમ સ્કૂલના બાળકોની ઉર્જા બચત જાગૃતિ રેલી યોજાઇ



અમદાવાદ, બુધવાર

શહેરની જાણીતી સ્કૂમ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ધો. ૭ અને ધો. ૮ના ૧૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ઉર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા રેલી કાઢી હતી. સ્કૂમ સ્કૂલેથી સવારે ૧૧:૦૦ કલાકે નીકળેલી આ રેલીમાં વિદ્યાર્થીઓએ સેવ એનર્જી, સેવ ફ્લુઅલ, ઉર્જા બચાવો, જીવન બચાવો જેવા સ્લોગનો પણ ઉચ્ચાર્યા હતા. ઉર્જા બચાવો ઝૂંબેશના સંદર્ભમાં સ્કૂમ સ્કૂલના નાના વિદ્યાર્થીઓએ ઉર્જા સંરક્ષણનો સંદેશો ફેલાવવામાં અસરકારક ભૂમિકા ભજવી હતી. આ રેલીમાં સ્કૂલના ધો. ૩ અને ધો. ૪ના કેટલાક વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

સ્કૂમ સ્કૂલના પ્રિન્સીપાલ નીતા શર્માએ આ રેલીને સફળ બનાવવા બદલ વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો. ઉપરાંત તેમણે ટાટા પાવર લિ. અને પ્રતિનિધિ નીપા શેઠનો પણ આભાર માન્યો હતો.